# માં તારા આશીર્વાદ મને બહુ મળ્યા છે...



લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા નવરાત્રીના આઠમા દિવસે મહાઅષ્ટમીની આરતીનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે માતાજીની પ્રતિકૃતિ બનાવી મહાઆરતી કરવામાં આવી હતી. માતાજીની પ્રતિકૃતિ લીયો કિંજલ જયસિંઘાની તેમજ સોનાલી ચાવડા દ્વારા બનાવવામાં આવી હતી. આ પ્રસંગે લાયન પ્રમુખ ઉમંગ પંડ્યા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા, લીયો પ્રમુખ વિનય જયસિંઘાણી તેમજ ત્રણેય કલબના પૂર્વ પ્રમુખો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



કુડાસણ (ન્યુ ગાંધીનગર) વિસ્તારમાં આવેલી રાધે રેસીડેન્સી કા. સોસાયટીમાં સર્વે રહીશોના સહકારથી શિસ્ત, સંયમ અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી નવરાત્રીની સુખરૂપ ઉજવણી કરવામાં આવી હતી.



રાદેસણમાં કસારીઓ સોસાયટીમાં માતાજીની આરતી ઉતારવા ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલ તથા જિલ્લા ન્યાયાધીશ પટેલ સાહેબ તથા પ્રતીકસિંહ ગોહિલ એડવોકેટ તથા એડવોકેટ ગાયત્રીબા, કમલેશ પરમારે સોશિયલ ડિસ્ટન્સ સાથે ભાગ લીધો હતો.



સેક્ટર-૨/સીમાં સતિષભાઈ ભાવસાર દ્વારા તેમના કોમન પ્લોટમાં પ્રતિવર્ષ નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે. મહામારીને કારણે માતાજીને તેમના ઘરે જ પધરામણી કરેલ જે નિમિત્તે કોમન પ્લોટમાં માતાજીની આઠમનો હવન માસ્ક સાથે અને સોશિયલ ડિસ્ટન્સીન્ગ સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોમન પ્લોટના વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટર-૨/સીમાં ગીરીભભાઈ ભટ્ટ દ્વારા પોતાના ઘરે માતાજીની આરતી તથા પૂજા ભક્તિભાવ પૂર્વક કરવામાં આવી હતી.



સત્યમ એપાર્ટમેન્ટ સેકટર-૨૪ ખાતે, આઠમની માતાજીની પૂજા અને આરતી ભકિતભાવ પૂર્વક કરવામાં આવી હતી.



સેકટર-૭બી નવરાત્રી ચોકમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ મહાઆરતીનું આયોજન થયું હતું. જેમાં વસાહતીઓ દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવી માતાજીની આરાધના કરાઈ હતી.

**સેક્ટર-૧૩બી ખાતે શ્રી અંબાજી મંદિર, પારીજાત-ધનલક્ષ્મી એપાર્ટમેન્ટના રહીશો દ્વારા આઠમના દિવસે માતાજીની આરતી અને પૂજા કરવમાં આવી હતી.**






વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં અભ્યાસની સાથે સાથે દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. તેવી જ રીતે નવરાત્રી ના પર્વને પણ બાળકોએ મન ભરીને માણ્યું હતું. સૌપ્રથમ ઓનલાઈન ક્લાસમાં માતાજીની સ્તુતિ તથા બાળકોને ફેકલ્ટીઝ દ્વારા નવરાત્રી નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્પર્ધાની શરૂઆત માં પ્રથમ દિને માઁ દુર્ગાના ચિત્ર ને બાળકોએ ખૂબ જ સુંદર રીતે શણગારી અને ગ્રુપમાં મોકલ્યા હતા. આ ચિત્રમાં બાળકોએ ટીકી, મોતી, અનાજ, કલર , રેતી વગેરે બધી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરી ખૂબ જ સુંદર રીતે તેમની કલા વ્યક્ત કરી હતી.



ગાંધીનગરમાં સેકટર-૨૩ ખાતે આવેલ વરદાયિની ચોકમાં નવરાત્રી પર્વના આઠમા નોરતે વર્તમાન સમયને અનુલક્ષી અને આ કોરોના જેવી મહામારીમાં જેમણે પોતાના જીવના જોખમે સમાજને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં પોતાનું કાર્ય કરેલ છે તેવા કોરોના વોરીયર્સના કામને બિરદાવતાં અને તેમને ૧૦૦ સલામ અને સમાજને આ કોરોના મહામારીમાંથી બચવા ''ઘરમાં રહો, સુરક્ષિત રહો'' જેવા સ્લોગનને ૫૫૧ દીવાની જ્યોતથી પ્રજવલિત કરી સમાજને સારો સંદેશ આપ્યો છે.



સરગાસણ ખાતે નાના ભૂલકાઓ દ્વારા ટ્રેડિશનલ ડ્રેસ પહેરી નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. કવિશા, નિહિકા, સોના, તીર્થ નામનાં બાળકોએ ટ્રેડીશનલ ડ્રેસ સાથે નવરાત્રી ઉજવી હતી.



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નવરાત્રીમાં અંબે મા અને બહુચરમાના ગરબા ઓનલાઈ યોજાયા હતા. નોમના દિવસે બેઠા ગરબા સ્પર્ધા યોજાઈ હતી.



શહેરના સેકટર-૧૩બી પ્લોટ નં. ૯૧૦/૨ ખાતે રહેતા નીલકંઠ દવે દ્વારા આઠમના રોજ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે હવનમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે ખાસ કોઈને આમંત્રણ આપવામાં આવ્યું ન હોતું.